# GOVERNMENT COMMERCE COLLEGE, SECTOR 15, GANDHINAGAR


## RUSA
## Component- 9 : Equity Initiatives

## ACTIVITY REPORT TILL 31/03/2023

# Remedial Classes

## MS – Office Computer Training Workshop

આજના વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટર શિક્ષણ એમની કારકિર્દી માટે ખુબ જ અગત્ય નું હોય આપણી કોલેજના વિદ્યાર્થીઓ માટે બેઝિક કોમ્પ્યુટર શિક્ષણ પૂરું પાડવાના હેતુ થી અત્રેની કોલેજ ને મળેલ RUSA ના કમ્પોનન્ટ નં.૦૯ (ઈકવીટી ઇનીસીએટીવ્સ )ગ્રાન્ટની રેમેડીયલ કલાસીસ ના મથાળા હેઠળ ૫ દિવસીય કોમ્પ્યુટર ટ્રેનિંગ નું આયોજન કરવામાં આવેલ હતું. આ ટ્રેનિંગ ગાંધીનગર ના એક નામાંકિત કોમ્પ્યુટર ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ, RAS COMPUTER EDUCATION, દ્વારા પુરી પાડવામાં આવેલ હતી. આ ટ્રેનિંગ તા. ૧૭/૦૧/૨૦૨૨ થી ૨૧/૦૧/૨૦૨૨ ના સમયગાળા માં કોલેજ ખાતે સવારે ૦૯.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન યોજવામાં આવેલ હતી અને કુલ ૪૦ વિદ્યાર્થીઓ એ ભાગ લીધેલ જેમને ટ્રેનિંગ ના અંતે રસ કોમ્પ્યુટર દ્વારા સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા.






# Certificate Course on Banking

અત્રેની કોલેજ ને મળેલ RUSA ના કમ્પોનન્ટ નં.૦૯, ઈકવીટી ઇનીસીએટીવ્સ ગ્રાન્ટની રેમેડીયલ ક્લાસીસ ના મથાળા હેઠળ બેન્કિંગ શેત્રમાં કારકિર્દી ઘડવા ઇચ્છુક કોલેજના  વિધાર્થિઓને  યોગ્ય ટ્રેનિંગ આપવા ના ભાગરૂપે ૧૦ દિવસીય સર્ટિફિકેટ કોર્સ ઓન બેન્કિંગ નું આયોજન તા. ૩૦/૦૧/૨૦૧૩ થી  ૧૦ દિવસ ના સમયગાળામાં કરવામાં આવેલ હતું. આ સર્ટિફિકેટ કોર્સ ગાંધીનગર ના એક નામાંકિત બેન્કિંગ કોર્સ એક્સપર્ટ CA રાહુલ કિશનભાઇ મેવાડા દ્વારા પુરી પાડવામાં આવેલ હતી. આ ટ્રેનિંગ માં ૧૦૦ થી વધુ વિધાર્થીઓએ ભાગ લીધેલ હતો . અને ટ્રેનિંગના અંતે ટ્રેનર દ્વારા વિધાર્થીઓને સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા.







# Gender Sensitisation Campaign

## Seminar on Female Foeticide

તા.૧૮-૦૭-૨૦૧૬ને સોમવારને રોજ શ્રી અમૃતભાઇ કે. પટેલનું "સ્ત્રીભૃણ હત્યા"વિષય ઉપર વક્તવ્ય યોજવામાં આવ્યું હતું. જેમાં તેઓએ ૧૮મી સદીથી ૨૦મી સદી સુધીમાં ચાલતાં સામાજીક કુરિવાજો જેવાં કે સતીપ્રથા, બાળકીને દુધ પીતી કરવી વગેરે વિષે જણાવી અત્યારનાં આધુનિક યુગમાં ચાલતું દુષણ "સ્ત્રીભૃણ હત્યા" વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ તેઓએ ૨૦૦૧ તથા ૨૦૧૧ની વસ્તીગણતરીમાંથી વિશ્લેષણ કરી જન્મદરમાં સ્ત્રીઓની થતી ઘટ વિશે માહિતગાર કરી તેના કારણો અને નિવારણ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી તથા સ્વનિર્મિત ૩૦ મિનિટની ફિલ્મ પણ વિદ્યાર્થીઓને બતાવી હતી.






# **Yoga Workshop**

અત્રેની કોલેજ ને મળેલ RUSA ના કમ્પોનન્ટ નં.૦૯ (ઇકવીટી ઇનીસીએટીવ્સ ગ્રાન્ટની જેન્ડર સેન્સિટાઇઝેશન કેમ્પેઇન ના મથાળા હેઠળ કોલેજના  વિધાર્થિઓ ના માનસિક અને શારીરિક સશક્તિકરણ ના ભાગરૂપે 6 દિવસીય યોગા વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. આ ટ્રેનિંગ ગાંધીનગર ના એક નામાંકિત યોગા ટ્રેનર ડો. મીનાક્ષી સોમાણી, દ્વારા પુરી પાડવામાં પુરી પાડવામાં આવેલ હતી. આ વર્કશોપ તા. ૧૮/૦૧/૨૦૨૩ થી  ૬ દિવસ ના સમયગાળા માં કોલેજ ખાતે સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન યોજવામાં આવેલ હતો. આ વર્કશોપ માં કુલ ૫૦થી વધુ વિદ્યાર્થીઓ એ ભાગ લીધેલ.






# <u>Seminar on Mental Health</u>

અત્રેની કોલેજ ને મળેલ RUSA ના કમ્પોનન્ટ નં.૦૯ (ઈકવીટી ઇનીસીએટીવ્સ ગ્રાન્ટની જેન્ડર સેન્સિટાઇઝેશન કેમ્પેઇન ના મથાળા હેઠળ કોલેજના  વિધાર્થિઓ ના માનસિક અને શારીરિક સશક્તિકરણ ના ભાગરૂપે ૧ દિવસીય "સેમિનાર ઓન મેન્ટલ હેલ્થ" નું આયોજન કરવામાં આવેલ હતું.. આ સેમિનાર તા. ૨૪/૦૩/૨૦૨૩ ના રોજ કોલેજ ખાતે સવારે ૧૦.૦૦ થી ૧ ૨.૦૦ દરમિયાન ગાંધીનગર ના એક નામાંકિત એમ.ડી. સૈકાયટ્રિસ્ટ ડો.રાજેન્દ્ર આનંદ દ્વારા સંબોધવામાં આવેલ હતું. આ સેમિનારમાં કુલ ૮૦ થી વધુ વિધાર્થીઓ એ ભાગ લીધેલ.





# Innovative Scheme (Mentoring of Girl Child)

## Beauty Parlour- Crash Course

## બ્યુટિ પાર્લર ક્રેશ કોર્ષ-તા.૦૪-૦૭-૨૦૧૬ થી ૧૨-૦૭-૨૦૧૬

ઉપરોક્ત સરકારી યોજના અંતર્ગત અત્રેની કોલેજમાં તા.૦૪-૦૭-૨૦૧૬ થી ૧૨-૦૭-૨૦૧૬ સુધી વિદ્યાર્થીની બહેનો માટે તેમને બ્યુટિ પાર્લર વ્યવસાય અંગે સુમાહિતગાર કરવા તેમજ આ વ્યવસાયની સુસજ્જતતા માટે જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગાંધીનગર ખાતે ત્રણ વિવિધ સેક્ટરમાં પોતાના બ્યુટિ પાર્લર માટે પ્રખ્યાત તેવા સુ.શ્રી રીનાબેન સોની તથા તેમના સ્ટાફ દ્વારા સાત દિવસની દૈનિક બે કલાકની તાલીમ આપવામાં આવી. જેનો આશરે ૮૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમમાં નીચેની બ્યુટિ ટ્રીટમેન્ટ શીખવવામાં આવી હતી.





# Cooking Class

ઉપરોક્ત સરકારી યોજના અંતર્ગત અત્રેની કોલેજમાં તા.૧૩-૦૭-૨૦૧૬ થી ૧૫-૦૭-૨૦૧૬ દરમ્યાનવિધાર્થિનીઓમાટે તેમને ઓવન દ્વારા કુકિંગ, બેકિંગ, ગ્રીલીંગ જેવી ટેકનિકથી માહિતગાર કરવા આ ક્ષેત્રના નિષ્ણાંત શ્રી જિજ્ઞાબેન સોની, કે જેઓ સાત વર્ષથી WHIRPOOL કંપનીના Official Trainer છે, તેમને આમંત્રીત કરેલ હતા. ૦૩ દિવસની દૈનિક બે કલાકની આ સઘન ડેમોસ્ટ્રેશનથી અને તાલીમમાં આશરે ૧૦૦ વિધાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમમાં નીચેની વાનગીઓ શીખવવામાં આવી હતી.






# Workshop on Glass Painting

ઇન્નોવેટીવ સ્કીમ અંતર્ગત અત્રેની કોલેજમાં તા.૨૩-૦૮-૨૦૧૬ થી ૨૭-૦૮-૨૦૧૬ (૦૪ દિવસીય) ગ્લાસ એન્ડ ફેબ્રીક પેઇન્ટીંગ ક્લાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ જાતે વિવિધ પ્રકારની ડિઝાઇન, કાર્ટુનીંગ, કુદરતી દ્રશ્યના ચિત્રો દોરી તેની મદદથી પ્લાસ્ટીક પેપર તેમજ ગ્લાસ ઉપર સુંદર પેઇન્ટીંગ કર્યું. જે અંગેનું માર્ગદર્શન ગ્લાસ પેઇન્ટીંગના નિષ્ણાંત શ્રીમતી વિણાબેન વોરા દ્વારા આપવામાં આવ્યું.





# Tie and Die Workshop

Innovative Scheme અંતર્ગત અત્રેની કોલેજમાં તા.૨/૨/૨૦૧૭ ના રોજ ૧ દિવસીય "ટાઇ & ડીએ" વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. આ વર્કશોપ અમદાવાદની નામાંકિત આકાર એકેડમી ઓફ આર્ટ દ્વારા યોજવામાં આવેલ હતો જેમાં વિદ્યાર્થીનીઓ ને વિવિધ ફેબ્રિક ઉપર સુંદર ડિઝાઇન શીખવવામાં આવી હતી.આ વર્કશોપમાં કુલ ૯૫ વિદ્યાર્થીનીઓ એ ભાગ લીધેલ હતો .






# **Basic Computer Training**

જેન્ડર કાઉન્સેલિંગ સ્કીમ હેઠળ અત્રેની કોલેજમાં તા.૦૮-૦૮-૨૦૧૬ થી તા.૨૨-૦૮-૨૦૧૬ સુધી (૦૯ દિવસીય) કમ્પ્યુટર તાલીમનું આયોજન વિધાર્થિનીઓ માટે કરવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગ કમ્પ્યુટર ટ્રેનર રોનક શાહ દ્વારા પુરી પાડવામા આવેલ હતી અને આ ટ્રેનિંગ માં કુલ ૫૦ વિધાર્થિનીઓ એ ભાગ લીધેલ હતો.





# Karate Training

જેન્ડર કાઉન્સેલિંગ સ્કીમ હેઠળ અત્રેની કોલેજમાં વિધાર્થીનીઓ ના સશક્તિકરણ ના ભાગરૂપે કરાટે ટ્રેનિંગ નું આયોજન કરવામાં આવેલ હતું. આ ટ્રેનિંગ નામાંકિત કરાટે ટ્રેનર સુરજ રામચંદ્ર ત્રિપાઠી દ્વારા પુરી પાડવામાં આવી હતી. આ ટ્રેનિંગમાં ૬૦થી વધુ વિધ્યાર્થીનોઓએ ભાગ લીધેલ હતો.






# Self Defense Training


અત્રેની કોલેજમાં રૂસા હેઠળ કોલેજની વિદ્યાર્થીનીઓ માટે સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ મહિલા વિદ્યાર્થીનીઓને તેમની સ્વ-રક્ષણ તકનીકો શીખવા માટેના હેતુથી હાથ ધરવામાં આવી હતી. આ ટ્રેનિંગ ગાંધીનગરના નામાંકિત કરાટે ટ્રેનર ગૌરાંગ રાણા દ્વારા પુરી પાડવામાં આવી હતી. કુલ ૪૦ વિદ્યાર્થીનીઓએ આ તાલીમમાં ભાગ લીધેલ હતો અને ટ્રેનિંગના અંતે તેમને રૂસા હેઠળ સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા.






# Workshop on "GST on Tally"

અત્રેની કોલેજમાં રૂસા હેઠળ કોલેજની વિદ્યાર્થીનીઓ માટે તેમને અભ્યાસ પછી નોકરી અથવા ધંધાકીય વ્યવસાયમાં મદદરૂપ થાય એ હેતુથી "Tally on GST ના વર્કશોપ્ નું આયોજન કરેલું હતું. આ વર્કશોપ્ અમદાવાદના નામાંકિત કમ્પ્યુટર ટ્રેનિંગ સેન્ટર UC IIPLR LLP દ્વારા પુરી પાડવામાં આવેલ હતી. આ વર્કશોપમાં કુલ ૪૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લઇ GST વિષય ઉપર વિગતવાર માહિતી મેળવી હતી અને GST ને ટેલી સોફ્ટવેર ઉપર પ્રેકટીસ કરી હતી.આ વર્કશોપ. આ ૫ દિવસીય વર્કશોપ તા. ૧૫/૦૯/૨૦૨૨ થી ૨૦/૦૯/૨૦૨૨ ના સમયગાળા માં કોલેજ ખાતે સવારે ૦૯.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન યોજવામાં આવેલ હતી.





# Seminar on Health and Hygiene

અત્રેની કોલેજ ને મળેલ RUSA ના કમ્પોનન્ટ નં.૦૯ (ઈકવીટી ઇનીસીએટીવ્સ ગ્રાન્ટની જેન્ડર કાઉંસેલીંગના મથાળા હેઠળ કોલેજની વિધાર્થિનીઓમાં સ્ત્રીરોગ અને સ્વાસ્થ્ય સમસ્યાઓ ના નિવારણની જાગૃતિ લાવવાના હેતુથી ૧ દિવસીય "સેમિનાર ઓન ફિમેલ હેલ્થ એન્ડ હાઇજીન" નું આયોજન કરેલું હતું. આ સેમિનારમાં ગાંધીનગર ના એક નામાંકિત ગાયનૅકોલૉજિસ્ટ ડો. શ્રુતિબેન છાલા દ્વારા યોગ્ય માહિતી પુરી પાડવામાં આવેલ હતી. આ સેમિનાર તા. ૧૮/૦૩/૨૦૨૩ ના રોજ કોલેજ ખાતે સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન યોજવા માં આવેલ હતો. આ સેમિનાર માં ૫૦થી વધુ વિધ્યાર્થીનોએ ભાગ લીધેલ હતો.






<u>Seminar on Malnutrition in Girl Child</u>

જેન્ડર કાઉંસેલીંગના મથાળા હેઠળ કોલેજના  વિદ્યાર્થિનીઓ ના માનસિક અને શારીરિક સશક્તિકરણ ના ભાગરૂપે ૧ દિવસીય "સેમિનાર ઓન માલન્યુટ્રિશન ઈન ગર્લ ચાઈલ્ડ" નું આયોજન કરેલું હતું. આ સેમિનાર તાલુકા હેલ્થ ઓફિસર, ગાંધીનગર ડો. રજનીકાન્ત પટેલ, દ્વારા યોગ્ય માહિતી પુરી પાડવામાં આવેલ હતી. આ સેમિનાર તા. ૧૮/૦૩/૨૦૨૩ ના રોજ કોલેજ ખાતે સવારે ૦૮.૦૦ થી  ૧૦.૦૦ દરમિયાન યોજવા માં આવેલ હતો. આ સેમિનાર માં ૪૦ થી વધુ વિધ્યાર્થીનોએ ભાગ લીધેલ હતો.

